શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટરની કચેરી
સર્વ શિક્ષા અભિયાન – સુરત,
શાળા ક્રમાંક– ૧૯, ડચ ગાર્ડન રોડ,નાનપુરા,સુરત.
ફોન/ફેક્સ નં. ૦૨૬૧ ૨૫૯૪૮૧૮
E mail : - dpcsurat@gmail.com
Toll Free no. 1800 233 4820

તા. ૯/૬/૨૦૨૧

નં.જિ.પ્ર.શિ.સ./એસ.એસ.એ/ક્યુઈએમ/૨૦૨૧/ ૩૯૮૪-૨૪

પ્રતિ
તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ
બીઆરસી કો.ઓર્ડિનેટર તમામ
તાલુકા. તમામ.
જિ. સુરત.

વિષય:- જ્ઞાનસેતુ (બ્રિજકોર્સ-ક્લાસ રેડિનેશ), કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ૨.૦ (CCC 2.0), ગુજરાત એજ્યુકેશન ટેક્નોલોજી (GET)- G-SHALA (Gujarat Students' Holistic Adaptive Learning App) ના શુભારંભ/ઉદ્‌ઘાટન કાર્યક્રમ નિહાળવા બાબત.

સંદર્ભ:- (૧) નં.સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/૨૦૨૧/૧૮૫૮૦-૬૮૩, તા. ૦૯-૦૬-૨૦૨૧ નો પત્ર.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે આપને જણાવવાનું કે, ઉપરોક્ત સંદર્ભપત્રમાં જણાવ્યા મુજબ જ્ઞાનસેતુ (બ્રિજ કોર્સ-ક્લાસ રેડિનેશ) કાર્યક્રમ તારીખ ૧૦ જુન, ૨૦૨૧ થી ૧૦ જુલાઈ, ૨૦૨૧ દરમ્યાન યોજાનાર છે. આ કાર્યક્રમનો શુભારંભ તારીખ ૧૦ જુન, ૨૦૨૧ ના રોજ દુરદર્શન કેન્દ્ર ડીડી ગિરનાર મારફત સવારે ૯:૦૦ કલાકથી માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રી, માનનીય રાજયકક્ષાના શિક્ષણમંત્રીશ્રી ના આર્શીવચનથી થનાર છે. આ કાર્યક્રમનું પ્રસારણ ડીડી ગિરનાર ઉપરાંત બાયસેગ, માઈક્રોસોફ્ટ ટીમ્સ ઉપરાંત યુ-ટયુબ લાઈવથી થનાર છે.

શિક્ષણ વિભાગ મારફત ગુણવત્તા સુધારણા, ફિલ્ડ સ્ટાફના મોનીટરીંગ, રીયલ ટાઈમ ડેટા વગેરે બાબતો માટે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની સ્થાપના કરવામાં આવેલ છે. અતિ આધુનિક ટેકનોલોજી સભર અને અતિ આધુનિક ભૌતિક સુવિધાઓ સાથે કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ૨.૦ (CCC 2.0) તૈયાર કરવામાં આવેલ છે. આ CCC 2.0 નું લોકાર્પણ માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદહસ્તે તારીખ ૧૦ જુન, ૨૦૨૧ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે CCC 2.0, સેક્ટર-૧૯, ગાંધીનગર ખાતે થનાર છે. આ કાર્યક્રમમાં માનનીય શિક્ષણમંત્રીશ્રી તેમજ માનનીય રાજયકક્ષાના શિક્ષણમંત્રીશ્રી પણ જોડાનાર છે. આ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ બાયસેગ વંદે ગુજરાત ચેનલ, માઈક્રોસોફ્ટ ટીમ્સ તેમજ યુ-ટયુબ લાઈવ પરથી થનાર છે. આ કાર્યક્રમની સાથોસાથ ગુજરાત એજ્યુકેશન ટેકનોલોજી લીમીટેડ GET- G-SHALA (Gujarat Students' Holistic Adaptive Learning App નું પણ ઉદ્‌ઘાટન થનાર છે. જેમાં આપના તાબા હેઠળની તમામ શાળાના આચાર્યશ્રીઓ, શિક્ષક મિત્રોને આ કાર્યક્રમ બાબતે જાણ કરવા તેમજ જોડાવા માટે આપની કક્ષાએથી જાણ કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
સમગ્ર શિક્ષા, સુરત.

નકલ સવિનય રવાના જાણ અર્થે
(૧) માન. સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર સાહેબશ્રી, સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,એસએસએ,સેકટર–૧૭,ગાંધીનગર.
(૨) માન. પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ તાલીમ ભવન ,સુરત
(૩) માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત

જા.ક્ર./ માં-૧/૨૦૨૧/ 7465

તા. 11/6/2021

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની તમામ શાળાઓ તરફ.

[illegible] જરૂરી અમલ સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી,
સુરત, જિલ્લો; સુરત.